**<u>કલે.પરચુ. અરજી નં. ૧૩૪/૨૬ ના કામે અરજદારની પેમેન્ટ અરજી આંક–૧ હેઠળ હુકમ :–</u>**

(૧) અરજદારને સાંભળ્યા, અરજી વંચાણે લીધી, અરજી અન્વયે સામાવાળા તરફે કરેલ શેરો વંચાણે લીધો. હાલની અરજી અરજદારના અકસ્માતના બનાવના આધારે કલેઈમ કેસ નં. ૧૬૨/૧૨ નો દાખલ કરેલ જે અકસ્માત વળતરના કલેઈમ કેસમાં નામદાર ટ્રીબ્યુનલ (ઓકઝી.), જૂનાગઢનાઓએ તા. ૨૯–૦૩–૨૦૨૫ ના રોજ હુકમ, એવોર્ડ કરેલ છે તે મુજબ વળતરની રકમ સામાવાળા વિમા કંપનીએ જમા કરાવેલ હોય તે રકમ અરજદારને ચુકવવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) નામદાર ટ્રીબ્યુનલ (ઓકઝી.), જૂનાગઢના હુકમ મુજબ વળતરની રકમ રૂા. ૧,૫૮,૫૫૫/– એફ.ડી.રીલીઝ થતા જમા થયેલ છે જે સામાવાળાએ હુકમ અન્વયે રકમ જમા કરાવેલ હોવાનું નાઝીરશ્રી, ડીસ્ટ્રીકટ કોર્ટ, જુનાગઢનો આંક–૧ લગતનો શેરો વંચાણે લેતા જણાય છે. આમ અરજીની હકીકતો તથા અકસ્માત વળતર કલેઈમ કેસ નં.૧૬૨/૧૨ ના કામે થયેલ હુકમ તથા તે લગત થયેલ જમા રકમ અને તે જમા રકમ અરજદારને ચુકવવા સામે સામાવાળાને વાંધો નથી તે મતલબનો સામાવાળા વિમા કંપનીના વિ. વકીલશ્રીનો શેરો તથા સામાવાળાએ અપીલ કરેલ ન હોવા અંગેની અરજીની રજુઆત ધ્યાને લઈ તમામ હકીકતે અરજી અન્વયે નીચે મુજબ જમા રકમ ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

| | |
|---|---|
| રૂા. ૨,૮૨૦/– | કોર્ટ ફી. |
| રૂા. ૧,૫૫,૭૩૫/– | અરજદાર હરેશભાઈ ઉર્ફે બદરૂભાઈ વિક્રમભાઈ ગાગીયા ને વળતરની રકમ રૂા. ૧,૫૫,૭૩૫/– ની રકમમાંથી ૭૦ % રકમ કોઈપણ રાષ્ટ્રીટકૃત બેન્કમાં પાંચ વર્ષ માટે ફીકસ ડીપોઝીટમાં મુકવી તથા ૩૦ % રકમ ઓળખ અંગેની ખરાઈ કરી આ.ટી.જી.એસ.થી ચુકવવી. |

| | |
|---|---|
| કુલ રકમ | ૧,૫૫,૭૩૫/- |
| ૭૦ % રકમ એફ.ડી. | ૧,૦૯,૦૧૫/- |
| ૩૦ % રકમ આર.ટી.જી.એસ. | ૪૬,૭૨૦/- |
| એકાઉન્ટ નં. | 60575886552 |
| બેન્ક નામ | બેંક ઓફ મહારાષ્ટ્ર. |
| આઈ.એફ.એસ.સી. કોડ નં. | MAHB0001202 |
| રૂા.૧,૫૮,૫૫૫/- | અંકે રૂપિયા એક લાખ અઠ્ઠાવન હજાર પાંચસો પંચાવન પુરા. |

સદરહુ એફ.ડી.ની રકમ ઉપર અરજદાર લોન, એડવાન્સ કે કોઈપણ પ્રકારનો બોજો મેળવવા હકકદાર બનશે નહીં, માત્ર બેંકના નિયમ મુજબ વ્યાજની રકમ મેળવવા હકકદાર રહેશે.

આ હુકમ અન્વયે હુકમના પાલન અંગે નાઝીરશ્રી, ડીસ્ટ્રીકટ કોર્ટ, જુનાગઢનાઓને જરુરી યાદી કરવી.

આ હુકમ આજ તા. ૨૦ મી, માહે-જુન, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

જૂનાગઢ.

તારીખ ૨૦-૦૬-૨૦૨૬

**(હિતેશ ગીરીશભાઈ દામોદ્રા)**
એમ.એ.સી.ટી. (ઓકઝી.)
જૂનાગઢ.
(જી.જે.૦૧૦૦૫)